GJAN040021012024

Presented on : 20-07-2024
Registered on : 20-07-2024
Decided on : 21-08-2026
Duration : 2 years, 1 months, 1 days

**બોરસદના મહે.બીજા એડીશનલ ચીફ.જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં**
**મુ.બોરસદ**

**ફોજદારી કેસ નં.૧૫૪૪/૨૦૨૪**
આંક–

ફરીયાદી : શ્રી સરકાર

વિરૂધ્ધ

આરોપી : દીલીપકુમાર શ્યામલાલ પ્રજાપતિ,
રહે.કોડરા પોસ્ટ ઓફીસ ભારીડીહા કોદરા,
આંબેડકરનગર કટેહરી(યુ.પી)
હાલ રહે.વૈભવનગરકોલોની, ગુજરાત હાઉસીંગ બોર્ડ,
ગાયત્રી ડેરીની પાસે, નંદેસરી,તા.જી.વડોદરા.

**ગુનો :** ભારતીય દંડ સંહિતાની કલમ–૨૭૯,૩૩૭,૩૩૮,૩૦૪(અ) તથા એમ.વી.એકટ ની કલમ–૧૭૭ , ૧૮૪ મુજબ

ફરીયાદપક્ષ તરફે વિધ્વાન એ.પી.પી.શ્રી જી.કે.સોનારા
આરોપીપક્ષ તરફે વિધ્વાન વકીલ શ્રી વી.એન.રાઉલજી

**ચુ કા દો**

(૧) ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તા.૧૫/૦૩/૨૦૨૪ ના કલાક ૧૪/૦૦ વાગ્યા ના સુમારે મોજે ભાદરણ કિંખલોડ રોડ કે.જી.એન.

બેકરી સામે પોતાનું ટેન્કર ટ્રક રજી.નં.જીજે.૧૮.એયુ.૯૪૬૭ ના ચાલકે પોતાના કબજાની ટેન્કર પુરઝડપ, બેફીકારાઈ, ગફલતભરી રીતે હંકારી લાવી ફરીયાદીના મોટર સાકયલ રજી.નં .જીજે.૦૬.એમ.એસ.૬૫૩૪ ની સાથે ટકકર મારી ફરીયાદી ના સાહેદ જયોત્સનાબેનને માથાના તથા ચહેરાના ભાગે ગં ભીર ઈજાઓ પહોંચાડી તથા શરીરે વત્તા ઓછા પ્રમાણ માં ઈજાઓ પહોંચાડી સારવાર દરમ્યાન મોત નીપજાવી ભારતીય દંડ સંહીતાની કલમ–૨૭૯,૩૩૭,૩૩૮,૩૦૪(એ) તથા મો.વ્હી. એકટની કલમ–૧૭૭,૧૮૪ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કર્યાની ફરીયાદ ફરીયાદીએ ભાદરણ પોલીસ સ્ટેશન ગુ.રજી.નં.૮૧/ ૨૦૨૪ થી નોંધાવતા ગુનાના ત.ક.અધિકારીએ ગુનાની તપાસ કરી આરોપી વિરૂઘ્ધ પુરતો પુરાવો હોઈ તપાસને અંતે હાલનુ ચાર્જશીટ કરેલ છે.

(૨) પોલીસ અહેવાલ રજુ થતાં, ફોજદારી કાર્યરીતી સંહીતા કલમ –૧૯૦ (૧)(ખ) આધારે આરોપી વિરૂઘ્ધ ભારતીય દંડ સહીંતા ની કલમ– ૨૭૯, ૩૩૭,૩૩૮,૩૦૪(એ) તથા એમ.વી. એકટની કલમ– ૧૭૭,૧૮૪ મુજબ ના ગુનાઓ અંગેનું સંજ્ઞાન લઈ, ક્રિ.પ્રો.કોડની કલમ–૨૦૪ અન્વયે સમન્સ કરતા, હાજર થતાં, ક્રિ.પ્રા.કોડની કલમ – ૨૦૭ ના પ્રબંધો મુજબ પોલીસ અહેવાલ તથા અન્ય દસ્તાવેજોની નકલ મળી ગયા અંગેની ખાત્રી કર્યા બાદ, ક્રિ.પ્રો. કોડની કલમ–૨૪૦ મુજબ આરોપી સામે આંક–૫ થી તહોમતનામુ ફરમાવી વાંચી સંભળાવી આંક–૬ થી નિવેદન/જવાબ નોંધતાં આરોપીએ ગુના અંગેનો ઈન્કાર કરેલ છે.જેથી ક્રિ.પ્રો.કોડની કલમ –૨૪૨ મુજબ ફરીયાદપક્ષના પુરાવા માટે તારીખ નિયત કરી કાયદા

મુજબ ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) સદર કામે આરોપી વિરૂધ્ધનો ગુનો પૂરવાર કરવા માટે ફરિયાદપક્ષે નીચે મુજબના મૌખિક તથા લેખિત દસ્તાવેજી પુરાવાઓ રજુ થયેલ છે.

**<u>મૌખિક પુરાવા</u>**

| **અનુ.નં.** | **આંક** | **વિગત** |
|---|---|---|
| ૧ | ૧૦ | ફરીયાદી કાન્તીભાઈ દલસુખભાઈ કટારીયાની જુબાની |
| ૨ | ૧૪ | પંચ હિતેશભાઈ જશવંતભાઈ સોલંકીની જુબાની |
| ૩ | ૧૬ | પંચ રવિકુમાર દિલીપભાઈ રોહિતની જુબાની |
| ૪ | ૧૭ | સાહેદ દિપકભાઈ ભીખાભાઈ ચૌહાણની જુબાની |
| ૫ | ૧૮ | સાહેદ મગનભાઈ ખુશાલભાઈ કટારીયાની જુબાની |
| ૬ | ૧૯ | સાહેદ મનુભાઈ રતિલાલ કટારીયાની જુબાની |
| ૭ | ૨૧ | સાહેદ કિરણકુમાર મનુભાઈ કટારીયાની જુબાની |
| ૮ | ૨૨ | સાહેદ ચંદ્રિકાબેન વા.ઓ મનુભાઈ કટારીયાની જુબાની |
| ૯ | ૨૩ | સાહેદ બાબુભાઈ રતિલાલ મહિડાની જુબાની |
| ૧૦ | ૨૪ | સાહેદ અશોકભાઈ મોતીભાઈ રાઠોડની જુબાની |
| ૧૧ | ૨૫ | સાહેદ દિલીપસિંહ વનરાજસિંહ મહીડાની જુબાની |
| ૧૨ | ૨૮ | સાહેદ હાર્દિક નવનીતભાઈ મિસ્ત્રીની જુબાની |
| ૧૩ | ૩૧ | સાહેદ અર્જુનભાઈ નાનજીભાઈ રાઠવાની જુબાની |
| ૧૪ | ૩૩ | ત.ક.અમલદાર બિપીનકુમાર રાજાજીની જુબાની |

**<u>દસ્તાવેજી પુરાવા</u>**

| અનુ.નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૧૧ | ફરીયાદ |
| ૨ | ૧૫ | પંચનામું |
| ૩ | ૨૬ | જયોત્સનાબેનનું મરણ સર્ટી |
| ૪ | ૨૭ | જયોત્સનાબેનની પી.એમ.નોટ |
| ૫ | ૨૯,૩૦ | વાહનોનું યાંત્રિક પરીક્ષણ અહેવાલ |

| | | |
|---|---|---|
| ૬ | ૩૨ | સ્થળ પરિક્ષણ અહેવાલ |

(૪) આ કામે ફરીયાદપક્ષે ઉપરોકત પુરાવા સિવાય અન્ય કોઈ પુરાવો રજુ કરેલ નથી. આ કામે આરોપીનું ફોજદારી કાર્યરીતી સંહિતા કલમ–૩૧૩(૧) મુજબ નિવેદન નોંધવામાં આવેલ છે અને જેમાં તેઓએ ઈન્કારાત્મક બચાવ લઈ ,સોંધગ ઉપર જુબાની આપેલ નથી કે બચાવના સાહેદ તપાસેલ નથી અને પોતે નિર્દોષ હોવાનું જણાવેલ છે.

(૫) ઉપરોકત હકીકતે સદરહું કેસના ન્યાયીક નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**મુદ્દા**

| | |
|---|---|
| (૧) | શું ફરિયાદપક્ષ નિ:શંકપણે સાબિત કરે છે કે, તા.૧૫/૦૩ /૨૦૨૪ ના કલાક ૧૪/૦૦ વાગ્યાના સુમારે મોજે ભાદરણ કિંખલોડ રોડ કે.જી.એન.બેકરી સામે આ કામના આરોપી એ પોતાના કબજાનું ટેન્કર ટ્રક રજી.નં.જીજે.૧૮. એયુ.૯૪૬૭ પુરઝડપ, બેફીકારાઈ, ગફલતભરી રીતે હંકારી લાવી ફરીયાદીની મોટર સાકયલ રજી.નં.જીજે.૦૬.એમ.એસ.૬૫૩૪ ની સાથે ટકકર મારી ફરીયાદીના સાહેદ જયોત્સનાબેન ને માથાના તથા ચહેરાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચાડી તથા શરીરે વત્તા ઓછા પ્રમાણમાં ઈજાઓ પહોંચાડી સારવાર દરમ્યાન મોત નીપજાવી ભારતીય દંડ સંહીતાની કલમ –૨૭૯,૩૩૭,૩૩૮,૩૦૪(એ) તથા મો.વ્હી. એકટની કલમ –૧૭૭,૧૮૪ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ? |
| (૨) | શું હુકમ ? |

(૬) ઉપરોકત મુદ્દાઓના મારા જવાબ નીચે મુજબ છે.

૧. નકારમાં.

૨. આખરી હુકમ મુજબ.

## *<u>નિર્ણય અંગેના કારણો</u>*

**<u>મુદ્દા નં.૧ :</u>**

(૭) આરોપી સામે હાલનો કેસ ફોજદારી કેસ છે,ત્યારે ફોજદારી ન્યાયશાસ્ત્રના મુળભુત સિધ્ધાંત મુજબ ફરિયાદપક્ષે આરોપી સામેનો કેસ નિ:શંકપણે પુરવાર કરવાનો હોય છે અને જયાં સુધી આરોપી સામે ગુનો સાબિત ન થાય ત્યાં સુધી તે નિર્દોષ છે તે રીતે અનુમાન કરવુ જોઈએ.વધુમાં,ફરિયાદપક્ષ આરોપી સામે જે આક્ષેપ સાબિત કરવા માંગતા હોય તે આક્ષેપ ફરિયાદ પક્ષે તેના સકારાત્મક પુરાવાથી, શંકાથી પર સાબિત કરવુ જોઈએ.ફરીયાદપક્ષે પોતાનો કેસ નિ:શકપણે સાબિત કરવો જોઈએ તેવો ક્રીમીનલ જયુરીસપ્રુડન્સનો સ્વીકૃત સિધ્ધાત છે.નામદાર સર્વોચ્ચ અદાલતે તેઓના ચુકાદા રબિન્દ્રકુમાર દેય વિ. સ્ટેટ ઓફ ઓરીસ્સામાં ઠરાવેલ છે કે,

Three cardinal principles of criminal jurisprudence are well settled namely:

(1) that the onus lies affirmatively on the prosecution to prove its case beyond reasonable doubt and it cannot derive and benefit from weakness or falsity of the defence version while proving its case;

(2) that in a criminal trial the accused must be presumed to be innocent unless he is proved to be guilty; and

(3) that the onus of the prosecution never shifts.

ઉપરોકત સ્થાપિત સિધ્ધાંતને નજર સમક્ષ રાખી આ કામમાં પડેલા પુરાવાની અને બચાવપક્ષે થયેલ દલીલોને ઘ્યાને રાખી પુરાવાનુ મુલ્યાંકન કરેલ છે.

(૮) આ કામે ફરીયાદપક્ષે આંક–૧૦ થી ફરીયાદી કાન્તીભાઈ દલસુખભાઈ કટારીયાની જુબાની મુજબ, વિરસદ મુકામે તેઓ અને તેમની પત્નિ બેસણામાં બાઈક લઈને ગયેલા અને પરત ફરતી વખતે ભાદરણ કિંખલોડ રોડ પર આવેલ કે.જી.એન બેકરી પાસે રોડ ઉપર સામેથી એક ટ્રક ચાલકે ફુલ સ્પીડમાં આવીને તેઓની બાઈકને ટકકર મારતા તેઓની પત્ની બાઈક પરથી નીચે પડી જતા માથાના ભાગે ઈજા થયેલી અને તેઓને કોઈ ઈજા થયેલી નહી.ત્યારબાદ તેઓની પત્ની ને હોસ્પીટલ લઈ ગયેલા અને એક દિવસ સારવાર બાદ બીજા દિવસે મરણ ગયેલા,અકસ્માતવાળી ટ્રકનો નંબર જીજે.૧૮.એ.યુ.૯૪૬૭ હતો, અને તેના ચાલક દિલીપભાઈ શ્યામલાલ હતા. જેઓને ઓળખી બતાવે છે.સદર સાહેદે તેમની જુબાનીમાં આંક–૧૧ થી ફરીયાદ રજુ રાખેલ છે.આ સાહેદની ઉલટતપાસ જોવામાં આવે તો,આ હકીકતની વિરૂધ્ધની કોઈ હકીકત નીકળી આવેલ નથી કે ફરીયાદીની જુબાનીને શંકાસ્પદ બનાવે તેવી કોઈ હકીકત નીકળી આવેલ નથી.આ સાહેદની જુબાની જોવામાં આવે તો ,તેઓ બનાવ સમયે તેમની પત્નિ સાથે બાઈક લઈ વિરસદથી પરત આવતા હતા અને કે.જી.એન બેકરી પાસે એક ટ્રક ચાલકે ફુલ સ્પીડમાં આવીને તેઓની બાઈકને ટકકર મારતા તેમના પત્નિ નીચે પડી ગયેલા અને ટ્રકના ચાલકનું નામ દિલીપભાઈ શ્યામલાલ હતું.આમ,ફરીયાદી નજરે જોનાર સાહેદ છે અને તેમણે તેમની જુબાનીમાં જણાવેલી હકીકતોની વિરૂધ્ધની હકીકત તેમની ઉલટતપાસમાં નીકળી આવેલ નથી.

(૮.૧) આ કામે ફરીયાદપક્ષે આંક–૧૪ થી પંચ હિતેશભાઈ જશવંતભાઈ સોલંકીની જુબાની મુજબ, તેઓને અકસ્માતાના ગુનાવાળી જગ્યાનું

પંચનામું કરવા માટે બોલાવેલા, ત્યાં બાઈક અને ટ્રકનો અકસ્માત થયેલો અને જગ્યા ઉપર બાઈક અને ટ્રક પડેલ હતી. બનાવવાળો રોડ ભારદણ થી ગંભીરા તરફ જાય છે. તેમની જુબાનીમાં અ્રક – ૧૫ થી ગુનાવાળી જગાનુ પંચનામુ રજુ કરેલ છે.આમ,આ સાહેદની જુબાની મુજબ ગુનાવાળી જગાએ બાઈક અને ટ્રક પડેલ હતી.

(૮.૨) આ કામે ફરીયાદપક્ષે આંક–૧૬ થી પંચ રવિકુમાર દિલીપભાઈ રોહિતની જુબાની મુજબ, તેઓને પંચનામું કરવા માટે બોલાવેલા, ત્યાં બાઈક અને ટ્રક પડેલ હતી. બનાવવાળો રોડ ભારદણથી ગંભીરા તરફ જાય છે. આ સાહેદે આંક–૧૫ વાળા પંચનામામાં સહી હોવાનુ ઓળખી બતાવલ છે.આમ,આ સાહેદની જુબાની મુજબ ગુનાવાળી જગાએ બાઈક અને ટ્રક પડેલ હતી.

(૮.૩) આ કામે ફરીયાદપક્ષે આંક–૧૭ થી સાહેદ દિપકભાઈ ભીખાભાઈ ચૌહાણની જુબાની મુજબ, બનાવ કે.જી.એન બેકરી આગળ ટ્રક અને બાઈક વચ્ચે અકસ્માત બનેલો, તેઓ ઘરે ગયેલા અને તરત જ ફોન આવેલ કે, કાંતીભાઈનો અકસ્માત થયેલ છે, ટ્રકનો નંબર તેઓને ખબર નથી,આરોપી દિલીપભાઈ ટ્રક ચલાવતા હતા તેઓને ઓળખી બતાવે છે.બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરે છે કે, અકસ્માત થયેલો તે વખતે તેઓ તેમના ઘરે પહોંચવા આવેલા. એ હકીકતનો સ્વીકાર કરે છે કે, અકસ્માત કેવી રીતે અને કયા સંજોગોમાં થયેલો તેની તેઓને ખબર નથી. આમ,આ સાહેદ બનાવના નજરે જોનાર સાહેદ ના હોય બનાવની હકીકત પુરવાર કરવા આ સાહેદની જુબાની ઉપર આધાર રાખી શકાય નહી.

(૮.૪) આ કામે ફરીયાદપક્ષે આંક–૧૮ થી સાહેદ મગનભાઈ ખુશાલભાઈ

કટારીયા, આંક–૧૯ થી સાહેદ મનુભાઈ રતિલાલ કટારીયા, આંક –૨૧ થી સાહેદ કિરણકુમાર મનુભાઈ કટારીયા, આંક–૨૨ થી સાહેદ ચંદ્રિકાબેન વા.ઓ મનુભાઈ કટારીયા,આંક–૨૩ થી સાહેદ બાબુભાઈ રતિલાલ મહીડા, આંક–૨૪ થી સાહેદ અશોકભાઈ મોતીભાઈ રાઠોડનાઓની જુબાની મુજબ, કાન્તીભાઈ તેઓનું બાઈક લઈને તેઓની પત્ની જયોત્સનાબેનને બેસાડીને આવતા હતા તેઓને ટ્રકવાળા સાથે અકસ્માત થયેલ અને તેમાં જયોત્સના બેન ગુજરી ગયેલ, અકસ્માત કરનાર ડ્રાઈવર કોણ હતુ અને ટ્રકનો નંબર શું હતુ તેની તેઓને ખબર નથી. આમ,આ તમામ સાહેદ બનાવના નજરે જોનાર સાહેદ ના હોય બનાવની હકીકત પુરવાર કરવા આ સાહેદની જુબાની ઉપર આધાર રાખી શકાય નહી.

(૮.૫)) આ કામે ફરીયાદપક્ષે આંક–૨૫ થી સાહેદ દિલીપભાઈ વજરાજસિંહ મહીડાનાઓની જુબાની મુજબ, તેઓ પાસે ૩ ટ્રક અને ૨ આઈશર છે, તેઓ ભાડેથી ફેરવે છે. તેઓને પોલીસ સ્ટેશનથી બનાવની જાણ કરેલ કે,તમારા ટેન્કર નં.જીજે.૧૮.એયુ.૯૪૬૭ વાળી ને ભાદરણ કે.જી.એન.બેકરીના વળાંકમાં અકસ્માત થયેલાનું જણાવેલ , બનાવ સમયે તેઓએ બે ત્રણ ડ્રાઈવર હોય એટલે કયો ડ્રાઈવર ગયેલો તેની તેઓને ખબર નથી. આમ,સદર સાહેદ ફરીયાદ પક્ષને સમર્થનકારી હકીકતો જણાવતા ન હોય વિ. એપીપીશ્રી એ ઉલટતપાસ કરવા છતાં ફરીયાદપક્ષના કેસને સમર્થન મળે તેવી કોઈ હકીકત સદર સાહેદે જણાવેલ નથી. બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરે છે કે, બનાવ સ્થળે તેઓ હાજર ન હોય બનાવ કેવી રીતે બનેલો તેની તેઓને માહીતી નથી.આમ,આ સાહેદની જુબાનીથી હાલના આરોપી અકસ્માત

માં સંડોવાયેલ વાહનના ચાલક હતા તે હકીકત ફલીત થતી નથી.

(૮.૬) આ કામે ફરીયાદપક્ષે આંક–૨૮ થી સાહેદ હાર્દિક નવનીતભાઈ મિસ્ત્રીનાઓની જુબાની મુજબ, તેઓ આણંદ મુકામે મોટર વાહન નિરીક્ષક તરીકે ફરજ બજાવે છે, તેઓ તા.૧૫/૩/૨૦૨૪ ના રોજ તેઓની ફરજ પર હતા ત્યારે ભાદરણ પો.સ્ટે તરફથી એક અકસ્માત ના ગુનામાં સંડોવાયેલ મોટર સાયકલ તથા ટેન્કરનું પરીક્ષણ કરવાનું હોય યાદી આવેલી,જે યાદી મુજબ તા.૧૯/૩/૨૪ ના રોજ ભાદરણ કિંખલોડ રોડ ઉપર વાહન સ્થળ પરીક્ષણ કરવા સારુ સ્થળ પર ગયેલા, ત્યાં સ્થળ પર જીજે.૦૬.એમ.એકસ.૬૫૩૪ વાળુ મોટર સાયકલ તથા જીજે.૧૮.એયુ.૯૪૬૭ નંબરવાળુ ટેન્કર પડેલ હતુ. તેઓએ બંને વાહનોનું સ્થળ પરીક્ષણ કરી તેમાં પણ બધુ બરાબર જણાઈ આવેલ. જે આંક–૨૯ તથા ૩૦ થી રજુ રાખેલ છે.બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરે છે કે, બંને વાહનોની ફીટનેસ બાબતે હું કહી શકુ નહી. એ હકીકતનો સ્વીકાર કરે છે કે, વાહન પરીક્ષણ વખતે પણ બંને વાહનોમાં ખામી જણાયેલ નહી અને બંને ફીટ એન્ડ વર્કીંગ કંડીશનમાં હતા.

(૮.૭) આ કામે ફરીયાદપક્ષે આંક–૩૧ થી સાહેદ અર્જુનભાઈ નાનજીભાઈ રાઠવાની જુબાની મુજબ, તેઓ સાયન્ટેક ઓફિસર તરીકે એફ એસ એલ, આણંદમાં ફરજ બજાવતા હતા, તેઓના સમયગાળા દરમ્યાન આણંદ કંટ્રોલથી મેસેજ મળેલ હતો, જે કામે તેઓએ બનાવ સ્થળની રૂબરુ મુલાકાત લઈ નીરીક્ષણ કરેલુ,બનાવમાં સંડોવાયેલ બંને વાહનોને ભાદરણ પોલીસ સ્ટેશને મુકી રાખેલ હતા, સદર વાહનોને જોતા (૧) મહીન્દ્રા કંપનીનું ટ્રક ટેન્કરનું નીરીક્ષણ કરતા

બમ્પરની કીનારી ઉપર રતાશ પડતો ઘસરકો પડેલ તથા જમણી સાઈડની આગળના વ્હીલને મડગાડનો થોડો ભાગ તુટેલ હતો, ટેન્કર અન્ય કોઈપણ ભાગે દેખીતા નોંધપાત્ર નમુના જોવા મળેલ ન હતા. (૨) હોન્ડા સીટી મોટર સાયકલનું નીરીક્ષણ કરતા આગળના વ્હીલના જમણી બાજુના બમ્પર ઉપર કાળા ઘસારાના નીશાન જોવા મળેલ તથા સ્ટેરીંગના રબ્બરની કીનારીના ભાગે તુટેલ જોવા મળેલ ડાબી સાઈડે રીયરગ્રીપ તથા સાઈડ લાઈટ ઉપર રતાશ પડતા ડાઘાઓ જોવા મળેલ.ટેન્કર જેવા ભારે વાહનની ગતિમાન સ્થિતીમાં મોટર સાયકલને કોઈ ભાગ અડી જાય તો બેલેન્સ જવાની તેમજ પાછળ બેઠેલ મરણ જનાર જમણી બાજુ પાછળ તરફ પડી જવાની શકયતા પ્રાથમિક દ્રષ્ટિએ જણાઈ હતી.બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરે છે કે,વાહનનું સ્થળ પરીક્ષણ પોલીસ સ્ટેશનમાં કરેલ હતુ, એ હકીકતનો સ્વીકાર કરે છે કે, ટ્રકની બીજા ઘણા ઘસરકા હતા. એ હકીકતનો સ્વીકાર કરે છે કે, મોટર સાયકલ અકસ્માત સિવાય પણ જાતે પડી જવાથી ઘસરકા પડી શકે. આમ, આ સાહેદ બનાવના નજરેજોનાર સાહેદ ના હોય બનાવની હકીકત પુરવાર કરવા આ ાસહેદની જુબાની ઉપર આધાર રાખી શકાય નહી.

(૮.૮) આ કામે ફરીયાદપક્ષે આંક–૩૩ થી ત.ક.અમલદાર બિપીનકુમાર રાજાજીની જુબાની મુજબ, તેઓ તેમની તપાસને અનુરૂપ હકીકતો જણાવી, તેઓએ ગુનાવાળી જગ્યાનું પંચનામું તથા લાશનું ઈન્કવેસ્ટ પંચનામું કરી તથા લાગતા વળગતા સાહેદોના નીવેદનો લીધેલા તેમજ આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો હોય ચાર્જશીટ કરેલાનું જણાવે છે. બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં

એ હકીકતનો સ્વીકાર કરે છે કે, તપાસના કામે જે નીવેદનો લીધેલા તે ફરીયાદીના લાગતા વળગતા ઈસમો છે. એ હકીકતનો સ્વીકાર કરે છે કે, નીવેદનો મે મારી જાતે તૈયાર કરેલા.એ હકીકતનો પણ સ્વીકાર કરે છે કે, મે કોઈ સ્વતંત્ર સાહેદોના નીવેદનો લીધેલા નહી.

(૯) આમ આ કામે રેકર્ડ ઉપર આવેલ સમગ્ર પુરાવાનુ બારીકાઈથી મુલ્યાંકન કરવામાં આવે તો, આ કામના ફરીયાદી કાન્તીભાઈ દલસુખભાઈ કટારીયાને આંક–૧૦ થી તપાસેલ છે તેઓ પોતાના પુરાવામાં ભાદરણ કિંખલોડ રોડ પર આવેલ કે.જી.એન બેકરી પાસે રોડ ઉપર સામેથી એક ટ્રક ચાલકે ફુલ સ્પીડમાં આવીને તેઓની બાઈકને ટકકર મારતા તેઓની પત્ની બાઈક પરથી નીચે પડી જતા માથાના ભાગે ઈજા થયેલી અને તેઓને કોઈ ઈજા થયેલી નહી.ત્યારબાદ તેઓની પત્ની ને હોસ્પીટલ લઈ ગયેલા અને એક દિવસ સારવાર બાદ બીજા દિવસે મરણ ગયેલા,અકસ્માતવાળી ટ્રકનો નંબર જીજે.૧૮.એ. યુ.૯૪૬૭ હતો,અને તેના ચાલક દિલીપભાઈ શ્યામલાલ હતા. જેઓને ઓળખી બતાવે છે.આ સાહેદ તેમની જુબાનીમાં એવુ જણાવતા નથી કે ,ટેન્કરનો ચાલક પુરઝડપે અને ગફલતભરી રીતે રોંગ સાઈડમાં ચલાવી તેમની બાઈક સાથે અકસ્માત કરેલો.આ સાહેદે પ્રથમ વખત કોર્ટ રૂબરૂની જુબાનીમાં આરોપીનુ નામ જણાવેલ છે.

(૧૦) વધુમાં આ કામે એ હકીકત સર્વ સ્વિકૃત છે કે આ કામના ફરિયાદીએ હાલની એફ.આઈ.આર.ટ્રકનો નંબર જીજે.૧૮.એ. યુ.૯૪૬૭ ના ચાલક સામે લખાવેલ છે. હાલના આરોપીનુ નામ કે વર્ણન તેમાં કરવામાં આવેલ નથી. પરંતુ ફરિયાદી પોતે બનાવ વખતે હાજર

હોવાનુ જણાવે છે ત્યારે ફરિયાદ પક્ષે આ કામે હાલના સાહેદ પાસેથી આરોપીની ઓળખ પરેડ તપાસના કામે કરાવવી જોઈતી હતી પરંતુ પોલીસ દવારા આરોપીની આવી કોઈ ઓળખ પરેડ આ કામના ફરીયાદી પાસેથી કરાવવામાં આવેલ નથી ત્યારે આ કામના ફરિયાદી પ્રથમ વખત કોર્ટમાં આરોપીનુ નામ જણાવે કે ઓળખી બતાવે તે માત્ર કારણસર હાલના આરોપીની સંડોવણી આ બનાવમાં હોવાનુ માની શકાય નહી. આ અંગે નામદાર સુપ્રીમ કોર્ટેના નીચે મુજબના ચુકાદા ધ્યાને લેવા જરુરી છે.

(૧) **<u>એ.આઈ.આર. ૧૯૭૯(એસ.સી) ૧૧૨૭ ''કાનન અને બીજા વિરુધ્ધ સ્ટેટ ઓફ કેરાળા'ના</u>** ચુકાદામાં **હેડનોટ 'એ'** માં ઠરાવેલ છે કે,

It is well settled that that where a witness identifies an accused who is not known to him in the Court for the first time, his evidence is absolutely valueless unless there has been a previous T.I parade to test his powers of observations. The idea of holding T.I parade under S.9 of the Evidence Act is to test the veracity of the witness on the question of his capability to identify an unknown person whom the witness may have seen only once. If no T.I parade is held them it will be wholly unsafe to rely on his bare testimony regarding the identification of an accused for the first time in Court. In these circumstances, therefore, we feel that it was incumbent on the prosecution in this case to have arranged T.I parade and get the identification made before the witness was called upon to identify the appellant in the court. On this ground alone, the testimony of P.W. 25

becomes unworthy of credence and must be excluded from consideration.

(૨)**<u>એ.આઈ.આર.૨૦૧૧(એસસી)૧૪૩૬ 'રબિન્દ્રકુમાર પાલ વિરુધ્ધ રીપબ્લીક ઓફ ઈન્ડીયા'</u>** ના ચુકાદામાં **પારા ૧૫** માં સુપ્રીમ કોર્ટે આ અંગે અનેક ચુકાદાઓની ચર્ચા કરી ઠરાવેલ છે કે,

It is clear that identification of accused persons by witness in dock for the first time though permissible but cannot be given credence without further corroborative evidence. Though some of the witnesses identified some of the accused in the dock as mentioned above without corroborative evidence the dock identification alone cannot be treated as substantial evidence, though it is permissible.

આમ ઉપરોકત ચુકાદાઓમાં પ્રસ્થાપીત કરવામાં આવેલ સિધ્ધાંતો તથા આ કેસની હકીકતો ધ્યાને લેતા પણ હાલના ફરિયાદીની જુબાનીના આધારે આ કામના આરોપીને હાલના ગુન્હામાં તકસીરવાન ઠરાવી શકાય નહી.

**(૧૧)** આમ ઉપરોકત ચર્ચા કર્યા મુજબ આ કામે ફરિયાદી સિવાય ના વધુમાં સાહેદો પોતાના પુરાવામાં કાન્તીભાઈ અને જયોત્સનાબેનને અકસ્માત થયેલ અને જયોત્સનાબેન ગુજરી ગયેલાની હકીકતો જણાવે છે, પરંતુ અકસ્માત કરનાર વાહનના ચાલકને ઓળખી બતાવતા નથી.સાહેદો બનાવના નજરે જોનાર સાહેદો નથી તેઓ તેમની જુબાનીમાં જીપનો નંબર કે આરોપીનુ નામ કે આરોપીની ઓળખ પ્રસ્થાપીત થાય તેવો કોઈ પુરાવો રજુ કરતા નથી. માત્ર આ કામના ફરિયાદી વિજયભાઈએ તેમની આંક–૯ ની જુબાનીમાં એવી

હકીકત જણાવેલ છે કે તેઓ ઉભા હતા ત્યારે જીપે તેના કાકાને ટકકર મારેલ અને જીપ ઝડપથી આવતી હોય મારા કાકાને ટકકર મારેલ. આમ માત્ર ફરિયાદી તેમની જુબાનીમાં જીપ ઝડપથી આવતી હોય તેના કાકાને ટકકર મારેલ તેવી હકીકત જણાવેલ છે સાથોસાથ તે હકીકત પણ સ્વિકારેલ કે બનાવની જગ્યાએ ઘણા વાહનોની અવર જવર થતી હતી, ઘણા માણસો ભેગા થઈ ગયેલા. વધુમાં આ કામે ફરિયાદ પક્ષે આંક–૨૦ થી સાહેદ પ્રેમવિરસીંગ કે જેઓ આ કામના તપાસ કરનાર અમલદાર છે તેઓને તપાસવામાં આવેલ છે તેઓએ પણ તેની ઉલટ તપાસમાં સ્વિકારેલ છે કે બનાવવાળી જગ્યાએ અકસ્માત થયો તેવા કોઈ નિશાન જણાયેલ નહી, બનાવવાળી જગ્યાએથી પંચનામા વખતે કોઈ વાહન મળી આવેલ નહી, વધુમાં આ સાહેદ એ હકીકત પણ સ્વિકારે છે કે આ કામના ફરિયાદીએ ફરિયાદમાં કે તેના વિશેષ નિવેદનમાં અકસ્માત કરનાર ડ્રાઈવરનુ નામ જણાવેલ નથી. આમ, આ કામે ફરીયાદીના કહેવા પ્રમાણે અકસ્માત વખતે બનાવ વાળી જગ્યા એ માણસો તથા વાહનાની અવર જવર હતી તથા અકસ્માત બાદ ત્યાં માણસો પણ ભેગા થયેલાનું જણાવેલ છે પરંતુ આ કામના તપાસ કરનાર અધિકારી દવારા આ અકસ્માત અંગે બનાવ વાળી જગ્યા પર હાજર આવા કોઈ સ્વતંત્ર સાહેદોના નીવેદન આ કામે લેવા માં આવેલ નથી, ત્યારે અકસ્માત વખતે અકસ્માતમાં સંડોવાયેલ વાહન બેદરકારી અથવા બેફીકરાઈથી માણસની જીન્દગી જોખમમા મુકાય તે રીતે ચલાવવામાં આવેલ હોય તે હકીકત પણ ફરીયાદપક્ષે તપાસવામાં આવેલ સાહેદોની જુબાની પરથી પ્રસ્થાપીત થતી નથી.

(૧૨) <u>આ કામે સમગ્ર મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો આ કામે અકસ્માતમાં જયોત્સનાબેનનું મરણ થયેલાનું ફલીત થાય છે પરંતું આ અકસ્માતમાં હાલના આરોપીની સંડોવણી હોવાનુ પુર</u>વાર થઈ શકેલ નથી. પડેલ પુરાવાની ચર્ચા કરવામાં આવે તો, આરોપી સામે જયારે બેફીકરાઈથી વાહન ચલાવી અકસ્માત કરવાનો આક્ષેપ છે ત્યારે ફરીયાદપક્ષે તે સાબીત કરવું જોઈએ કે, જે બનાવ સમયે આરોપી જ વાહન ચલાવી રહયા હતા અને વાહન ચલાવવાનું આરોપીનું કૃત્ય એટલી બેફીકરાઈથી અને બેદરકારીભર્યુ અને મનુષ્યની જીંદગી જોખમાય તેવું હતું કે જેથી આરોપી ને અકસ્માત સંદર્ભે ફોજદારી જવાબદારી માટે દોષિત ઠરાવી શકાય. ત્યારે નામ. ગુજરાત હાઈકોર્ટના નીચેના ચુકાદાઓ ધ્યાને લેવા જરૂરી બની રહે છે.આ ચુકાદામાં નામ. ગુજરાત હાઈકોર્ટે એવુ ઠરાવેલ છે કે ફરીયાદ પક્ષે આરોપીનુ કૃત્ય બેફામપણે અને બેદરકારીપુર્વકનું હતુ એવુ સાબિત કરવુ જોઈએ અને જો આ હકીકત સાબિત કરવામાં ન આવે તો આરોપીનું કૃત્ય બેફામ પણે અને બેદરકારીપુર્વકનું હતુ એવુ અનુમાન થઈ શકે નહી.

IN THE HIGH COURT OF GUJARAT AT AHMEDABAD
CRIMINAL APPEAL NO. 1360 of 2011
DALAPATBHAI RAMESHBHAI VASAVA
**Versus**
STATE OF GUJARAT
Date : 22/06/2020

27. On appreciating the oral evidence of the injured witnesses, it is clearly found that every witness has emphasized on **the fact that tempo was being driven at a high speed and due to that driver has lost control over tempo near the place of occurrence.** At this juncture, it is worthwhile to refer to the decision of Honourable Apex Court in the case of **Mrs.Shakila Khader And Ors. vs**

**Nausheer Cama And Ors. Reported in AIR 1975 SC 1324,(1975) 4 SCC 122,** wherein it was observed that **main criteria for deciding whether driving which relate to accident was rash and negligent is not only the speed** but the width of the road, density of the traffic etc. Further in the case of **State of Karnataka v. Satish (supra),**

**the Honourable Supreme Court has held that merely because truck was being driven at a "high speed"does not bespeak of either "negligence" or"rashness" by itself. "High Speed" is a relative term and criminality is not to be presumed subject of course to some statutory exceptions. In absence of any material on record, no presumption of"rashness" or "negligence" could be drawnby invoking the maxim "ras ipsa locutar".**

State of Gujarat **V/s** Mahmad Sarif Umar Gajal

Muslim, G.L.H. 2007(3) 561,

A scrutiny of the evidence broughton record by the prosecution as reproduced herein above, reveals that what has been brought on record is the fact that an accident took place, that the accused was driving the tempo, the deceased persons were coming on a bicycle which dashed against the tempo on the righthand side, they sustained injuries and later succumbed to them. **A cumulative scrutiny of the entire evidence on record does not point towards rash and negligent driving on the part of the accused.** As has been held in state of Gujarat vis Dr **Maltiben Valjibhai shah (Supra)** to constitute an offence under section 304-A of the Indian penal code, it is necessary for the prosecution to etstablish that the act of the accused is rush or negligent and by such act the death has occurred and that act does not amount to culpable homicide. { PARA : 16 }

તે હકીકત નિર્વિવાદ છે કે, અકસ્માતના બનાવમાં ફરીયાદીના

પત્ની જયોત્સનાબેનનું મૃત્યુ થયેલ છે. પરંતુ, હાલના બનાવ માટે આરોપી જવાબદાર છે કે કેમ ? બનાવ વખતે બનાવમાં કહેવાતું સંડોવાયેલ વાહન આરોપી ચલવાતા હતા કે કેમ ? તેમજ તેઓની ગુનાહીત બેદરકારીના કારણે હાલનો બનાવ બનેલ છે કે કેમ? તે બાબતે બચાવપક્ષે ઉઠાવેલી તકરારના સંદર્ભમા  જોવામાં આવે તો, આરોપીની બેદરકારીના કૃત્યના કારણે જયોત્સનાબેનનું અકસ્માત થયેલ અને અકસ્માતમાં તેઓ મરણ ગયેલ હોવાનું પુરવાર થતુ નથી. આમ ઉપરોકત તપાસેલ સાહેદોની જુબાનીથી આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહી. આ સંજોગોમા આરોપીના કોઈ નિષ્કાળજી ભર્યા કૃત્યના કારણે હાલનો બનાવ બનેલ છે, તેવા તારણ ઉપર આવી શકાય તેમ નથી. આ કામના આરોપી ધ્વારા માનવીની જીંદગી જોખમાય તે રીતેનું કોઈ કૃત્ય કરેલ હોય તેવા તારણ ઉપર આવી શકાય તેમ ના હોય, સાબીત થયેલી હકીકત કોને કહેવાય તે અંગેની ઉપરોકત હકીકતોને લક્ષમાં લેતા, આ કામમાં અદાલત સમક્ષ પડેલ પુરાવાના આધારે  તેમજ ઉપરોકત સમગ્ર ચર્ચાને લક્ષમાં લેતા, એવા નિર્ણય ઉપર આવી શકાય તેમ નથી કે આ કામના આરોપી બનાવ વખતે બનાવમા સંકળાયેલ વાહન નિષ્કાળજી અને માનવીની જીંદગી જોખમાય તે રીતે ચલાવતા હતા. આવા સંજોગોમાંઆરોપી ને આરોપ સાથે સાંકળવાને પાત્ર લેશમાત્ર પુરાવો ના હોય, આરોપી ને નિર્દોષ ઠરાવીને છોડી મુકવા રહયા, તે સંજોગોમા મુદ્દા નં.૧ નો નિર્ણય નકારમાં આપી ન્યાયના વિશાળ હીતમા નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## <u>આખરી હુકમ</u>

(૧) આ કામના આરોપી દીલીપકુમાર શ્યામલાલ પ્રજાપતિનાઓને ક્રિ.પ્રો.કોડની કલમ-૨૪૮(૧)

અન્વયે ભારતીય દંડ સંહીતાની કલમ–૨૭૯, ૩૩૭, ૩૩૮,૩૦૪(અ) તથા એમ.વી.એકટની કલમ – ૧૭૭, ૧૮૪ મુજબના શિક્ષાપાત્ર ગુનાના કામે પુરાવાના અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૭(ક) અન્વયે આ કામના આરોપીએ રૂા.૫,૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર પુરા) ના સધ્ધર જામીન તથા તેટલી જ રકમના જાત જામીન રજુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ ૨૧ મી માહે ઓગસ્ટ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૨૧/૦૮/૨૦૨૬
બોરસદ

(શૈલેષકુમાર કે.પટેલ)
બીજા એડી.ચીફ.જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ
બોરસદ
(કોડ નં.જીજે–૦૧૩૨૬)